| STD | |
|---|---|
| SUBJECT | |

Sem - 1

ધોરણ - 7

વર્ષ 2021-22

22/10

વિષય - ગુજરાતી

ગુણ - 80

પ્રશ્ન-1

(અ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (ગમે તે ત્રણ) (6)

(1) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ?

→ ગાય મહાદેવની માસીના ખેતરમાં, તેના કાકાના ખેતરમાં, નારણકાકાના ખેતરમાં, શંકાના ખેતરમાં, મહાદેવના પોતાના ખેતરમાં અને ખુશાલભાના ખેતરમાંથી પસાર થઈ.

(2) ટોર્ચના પ્રકાશની પરગ્રહવાસી ઉપર શી અસર થઈ?

→ વલયે ટોર્ચનો સફેદ પ્રકાશિત શેરડો પરગ્રહવાસીઓના બોસ પર નાખ્યો. તે લાલ રંગ સિવાયની તરંગલંબાઈનો પ્રકાશ સહન ન કરી શક્યો. કેમ કે તેનો રબરિયો શખોડી દેહ આ રાતા પ્રકાશમાં જ વિકાસ પામ્યો હતો. એક સામાન્ય ટોર્ચ અહીં શક્તિશાળી શસ્ત્ર પુરવાર થઈ. ટોર્ચના સફેદ પ્રકાશથી તેને બળતરા થવા લાગી. એના દેહમાંથી યાંત્રિક અવાજો આવવા લાગ્યા. અને એનું રબરિયું પોચું શરીર ઓગળવા લાગ્યું. આ જોઈ અન્ય વિચિત્ર જીવોમાં મોટી દોડધામ મચી ગઈ અને તેમના બોસના તો ત્યાં જ રામ રમી ગયા.

(3) બા બહારગામ જ્યારે જાય ત્યારે તેમને વાડા અંગે શી ચિંતા રહેતી?

→ બાને બહારગામ જવાનું થાય ત્યારે બા વાડા વિના ઝુરાપો અનુભવતી. વાડાનું શું થઈ ગયું હશે. ભૂંડ પેસી ગયાં હશે, વાંદરાઓએ ખેદાન-મેદાન કરી નાખ્યું હશે, લોકોએ આડેધડ ફૂલો ચૂંટી લીધાં હશે, કાચાં ને કાચાં લીંબુ કોઈ લઈ ગયું હશે વગેરે ચિંતા બાને રહેતી.

(5) ભીખુ હાળિયા ખાતો શા માટે અટકી ગયો?

→ ભીખુને ખુબ ભૂખ લાગી હતી. તેણે એક દુકાનેથી છ પૈસાના હાળિયા જોખાવ્યા. તેમાંથી તેણે એક મુઠ્ઠી ખાવા માટે ભરી મોં પહોળું પણ કર્યું ત્યાં અચાનક તેને તેના ભૂખ્યા ભાઈભાંડુની યાદ આવી. આથી હાળિયા ખાવાની જગ્યાએ ઓથરામાં વીંટાળીને તે ચાલતો થયો. આમ ભીખુ હાળિયા ખાતો અટકી ગયો.

(બ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (6)

(ગમે તે ત્રણ)

(1) ભાભીએ દિયરને કેવું મહેણું માર્યું છે?

→ ભાભીએ દિયરને મહેણું માર્યું છે કે તેઓ આળસુના સરદાર છે અને મોટાભાઈની કમાણી પર જલસા કરે છે.

(2) વરસતા વરસાદમાં કોને કોને ઝાડ તળે ગહેકવાનું મન થાય છે?

→ વરસતા વરસાદમાં વાદળને, ઝરણાને, ઘાસને, ડુંગરને, નેવેથી દડદડતા ગામને, મને, તમને સૌને ઝાડ તળે ગહેકવાનું મન થાય છે.

(3) કવિ વાંસ વઢાવવાનું શા માટે સૂચવે છે?

→ કવિ આલાલીલા વાંસ વઢાવવાનું કહે છે. જ્યારે ગોપીઓને ભગવાન શ્રીકૃષ્ણ આવવાની વધામણી મળે છે ત્યારે તેઓ ખુબ જ ખુશ થઈ જાય છે અને ભગવાનની સ્વાગતની તૈયારી માટે મંડપ રચાવવા કવિ વાંસ વઢાવવાનું કહે છે.

(4) દિયરને સિંહલદ્વીપ શા માટે જવું છે?

→ સુંદર અને ગુણિયલ સ્ત્રી સાથે પરણવા માટે દિયરને સિંહલદ્વીપ જવું છે.

| STD | |
|---|---|
| SUBJECT | |

વર્ષ ૨૦૨૧-૨૨

(ડ) એક વાક્યમાં જવાબ લખો. (4)

1) ગાંધીજીને શામાં બેસાડીને વાઇસરોયે મળવા બોલાવ્યા હતા?
→ ગાંધીજીને વિમાનમાં બેસાડીને વાઇસરોયે મળવા બોલાવ્યા હતા.

2) લેખકને સાચી કેળવણી ક્યાં મળી?
→ લેખકને સાચી કેળવણી સાંગલી અને પુના વચ્ચે ટ્રેનમાં જ તેમના પિતાશ્રી પાસેથી મળી.

(6)

3) તોરણમાં ક્યાં ક્યાં વૃક્ષોના પાંદડા હોય છે?
→ તોરણમાં આસોપાલવ, આંબો અને નારિયેળનાં વૃક્ષોનાં પાંદડા હોય છે.

4) ભીંજતા વાયરાઓ શાનો સંદેશો કહેશે?
→ ભીંજતા વાયરાઓ ચોમાસું બેઠું છે તેનો સંદેશો કહેશે.

પ્ર-2

(અ) સાચો વિકલ્પ શોધી જવાબ લખો. (7)

1) બા ના વાડાને લેખક શું કહે છે?
→ ઔષધાલય (A)

2) સાપનો ખેલ કોણ બતાવે છે?
→ મદારી (B)

3) મહાદેવનો ચહેરો શાનાથી ખરડાયેલો હતો?
→ આંસુથી (C)

4) લેખક અધર્મમાં પણ શું સાચવતા હતા?
→ ધર્મબુદ્ધિ (C)

5) ભીખુ પાડની દારના કયા શહેરની છે?
→ અમદાવાદ (B)

6) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે?
→ કેસરભીનાં (A)

(7) લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે?
→ વરસાદના (B)

(બ) જોડકાં જોડો. (5)

| | A | B |
|---|---|---|
| (1) | ભીખુ | ધૂમકેતુ |
| (2) | શાળામાં | ધ્રુવ ભટ્ટ |
| (3) | વલયની અવકાશી સફર | કિશોર અંધારિયા |
| (4) | ભાભો વાડો | પ્રવીણ દરજી |
| (5) | પરીક્ષા | પન્નાલાલ પટેલ |

(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (4)

સખી, આજની ઘડી રળિયામણી,
મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે. સખી...
સખી, આલાલીલા વાંસ વઢાવીએ,
મારા વહાલાજીનો મંડપ રચાવીએ જી રે. સખી...

પ્રશ્ન-3
(અ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (4)

(1) મહાદેવ :- મહાદેવ અને તેના મિત્રો નિશાળે જવા નીકળે છે રસ્તામાં શિષ્યવૃત્તિની વાતો કરતા જાય છે. મહાદેવ મિત્રોને કહે છે કે મારો પરીક્ષામાં પ્રથમ નંબર આવશે. આમ મિત્રો સાથે મહાદેવ મનના ક્યારા મારે છે. અને ચાલી રહ્યા છે ત્યાં અચાનક ખેતરમાં ચરતી ગાય પર નજર પડે છે. મહાદેવ પરીક્ષાની ચિંતા ન કરતાં ઊભા મોલને બચાવવા સારુ ગાયને કાઢવા ખેતરમાં પડે છે. ગાય એક ખેતરમાંથી બીજા ખેતરમાં જાય છે. મહાદેવ પણ તેની પાછળ પડે છે. છેવટે મહાદેવ ગાયને કાઢીને જંપે છે.

| STD | |
|---|---|
| SUBJECT | |

વર્ષ ૨૦૨૧-૨૨

તેથી પરીક્ષામાં મોડો પડે છે. છતાં ઈમાનદારીની
પરીક્ષામાં તે પાસ થયો તેથી ઈન્સ્પેક્ટર સાહેબ તેને
પરીક્ષામાં બેસવા દે છે. મહાદેવની આંખોમાં
(5) માનવતાની સરવાણી જોવા મળે છે.

૨) ભીખુ :- ભીખુ ભીખ માગીને પોતાનું તેમજ પોતાના
કુટુંબનું ભરણપોષણ કરનાર દસ-બાર વર્ષનો
નાનકડો છોકરો છે. તેની પાસે ભીખમાં મળેલા છ
પૈસા હતા. તેને ખુબ જ ભૂખ પણ લાગી હતી.
મીઠાઈની દુકાને તે જલેબીનાં ગૂંચળાં જોઈ રહ્યો
(4) હતો. ભીખુના મોઢામાં પાણી આવી ગયું પણ તે
જલેબી ખાતો નથી કારણ કે પોતાની મા અને નાના
ભાઈઓ ભૂખ્યાં છે તે છ પૈસાનાં દાળિયા ખરીદે છે.
પણ ભૂખ્યાં ભાંડુ યાદ આવતાં તે ચીંથરામાં
દાળિયા વીંટાળી લઈને સીધો મા પાસે જાય છે.
મા જ્યારે પૂછે છે ત્યારે કહે છે કે મેં ખુબ ખાધું
છે તેમ જૂઠું બોલે છે. આમ ભીખુ ભિખારી હોવા
છતાં કૌટુંબિક ભાવનાવાળો દયાળુ છોકરો છે.

(4) ૩) પરગ્રહનું યાન :- પરગ્રહનું યાન રાતા રંગથી ઝળાહળાં
થતું હતું. તેનો આકાર લંબગોળ ઈંડા જેવો હતો. તેની
આસપાસ ન વર્ણવી શકાય તેવી વિચિત્ર વાસ આવતી
હતી. બહારથી નજર કરતાં યાનમાં ક્યાંય દરવાજો કે
બારી જેવું નજરે નહોતું પડતું. જાણે એક અખંડરચના
હોય તેવું લાગતું હતું. થોડીવાર પછી અચાનક ભરઉનાળાની
રાત્રિએ રૂમમાં એ.સી. ફુલ કરી નાખ્યું હોય એવી
કડકડતી ઠંડીનો અનુભવ થવાની સાથે અંધકાર યાનમાં
કંઈક ફેરફાર થયો. કમળની પાંદડીઓની જેમ તે ચારેય
દિશામાં ખુલી ગયું. બીજી ક્ષણમાં તો એ કોઈ પણ જાતના
અવાજ વગર બંધ થઈ ગયું. યાનની અંદર પણ
રાતો પ્રકાશ અને ઠંડી હતી.

(ઘ) કોણ બોલે છે કોને કહે છે તે લખો. (4)

(1) 'આ કોઈ બીજા ગ્રહનું યાન લાગે છે.'
→ વિસ્મય - વિશાલને
(2) 'આબરૂથી રહેવું એ જ મોટી વાત છે.'
લેખકના પિતાશ્રી - લેખકને (હનુને)
(3) 'બેટા ! તે કાંઈ ખાધું.'
→ ભીખુની મા - ભીખુને
(4) 'અહીં આવાનું તૈયાર કરતી હતી.'
મનુબહેન - બાપુને

(ચ) ખાલી જગ્યા પુરો. (4)

(1) <u>સુરજ</u>ની ગતિ શાળા તરફ વધતી જતી હતી.
(2) ભીખુ <u>છ</u> પૈસાના દાળિયા ખાવાનો હતો.
(3) મદારી <u>ડુગડુગી</u> વગાડે છે.
(4) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા' <u>ગાંધીજીને</u> કહ્યા છે.

(છ) નીચે આપેલ ફકરો વાંચી નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. (4)

(1) પુસ્તકોનો આરંભ કોણે કર્યો?
→ પુસ્તકોનો આરંભ માનવીએ કર્યો.
(2) કયાં સાધનો જ્ઞાનસંગ્રહમાં સહાયક રહ્યાં છે?
→ પોથી, તાડપત્ર, ભોજપત્ર વગેરે સાધનો જ્ઞાનસંગ્રહમાં સહાયક રહ્યાં છે.
(3) પુસ્તકો આપણને કેવી રીતે મદદરૂપ છે?
→ પુસ્તકો માનવને તેનો અનુભવ વિસ્તૃત કરવામાં મદદરૂપ છે.
(4) પુસ્તકો દ્વારા આપણે કેવી માહિતી મેળવીએ છીએ?

| STD | | |
|---|---|---|
| SUBJECT | | |

વર્ષ ૨૦૨૧-૨૨

૪) → પુસ્તકો દ્વારા આપણે પ્રાચીન વીરો, ધાર્મિક મહાત્માઓ મહાપુરુષો, નાટ્યકારો, કવિઓ વગેરેની માહિતી મેળવી શકીએ.

પ્ર-૫ સૂચના પ્રમાણે લખો.

(૧) સમાનાર્થી શબ્દ લખો. (૨)
ઝારીલા - ઈર્ષાળુ
મતિ - બુદ્ધિ

(૨) વિરોધી શબ્દ લખો. (૨)
સ્વરછ × અસ્વરછ
વિરાટ × વામન

(૩) રૂઢિપ્રયોગના અર્થ લખો. (૨)
ટાપસી પૂરવી - ચાલતી વાતને ટેકો આપવો.
વાત કળાઈ જવી - સમજાઈ જવું

(૪) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (૨)
સહી ન શકાય તેવું - અસહ્ય
જેનો પતિ હયાત હોય તેવી સ્ત્રી - સધવા, સોહાગણ, સૌભાગ્યવતી

(૫) સંજ્ઞા શોધો. (૨)
(૧) જંગલ
(૨) સ્ટેશન

(૬) નીચે આપેલ વાક્યમાંથી સંયોજક શોધો. (૨)
(૧) કે
(૨) એટલે

(૭) રેખાંકિત વિશેષણનો પ્રકાર ઓળખીને લખો. (૨)
(૧) રૂપેરી - ગુણવાચક વિશેષણ
(૨) સો - સંખ્યાવાચક વિશેષણ

(૮) નીચે આપેલ વાક્યના કાળ ઓળખાવો. (૨)
(૧) વર્તમાનકાળ
(૨) ભૂતકાળ

પ્રશ્ન-5

(અ) કોઈ પણ એક વિષય પર નિબંધ લખો (10)

(1) વર્ષાઋતુ -

પ્રસ્તાવના - વરસાદનું દ્રશ્ય - આગમન પછીનું વાતાવરણ - અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ - ઉપસંહાર

(2) જો પરીક્ષા ના હોય તો ....

પ્રસ્તાવના - પરીક્ષાના ગેરફાયદા - પરીક્ષા ન હોવાના ફાયદા - પરીક્ષા ન હોવાના ગેરફાયદા - ઉપસંહાર

(3) એક ભિખારીની આત્મકથા

પ્રસ્તાવના - ભિખારીની જીવનકથની - ઉપસંહાર

(લખાણ મુજબ ગુણ આપવા)

(બ) નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય (6) શીર્ષક આપો.

(લખાણ મુજબ ગુણ આપવા)
(શીર્ષક - બોધના ગુણ આપવા)